અપીલ અરજી નં.૧૪૩/૦૮–૦૯ તા. ૨૧–૮–૦૮

અરજદારઃ શ્રી ચંદ્રકાંતભાઈ દેવજીભાઈ પરમાર
સામાવાળાઃ (૧)આસી.કમિશ્નર (૨) એડી.સીટી ઈજનેર (૩) ડે.કમિશ્નર (સ્પે)
(૪)ઝોનલચીફ (વરાછાઝોન) અને જાહેર માહિતી અધિકારી

***હુકમ:–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચંદ્રકાંતભાઈ દેવજીભાઈ પરમાર ની તા.૧૫–૭–૦૮ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં કરેલ કામો (૧) બોમ્બે માર્કેટ પાસે આવેલ જળ વિતરણ ફરતું કંમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ વિગેરે ૧ થી ૧૦ ના પેપર્સ હાલમાં કયાં છે તેના ફાયનલ બીલની ચુકવણી તથા સીકયુરીટી ડીપોઝીટ છુટી કરવા અંગેની માહિતી બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૧–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૪૩/૨૦૦૮–૦૯

શ્રી ચંદ્રકાંતભાઈ દેવજીભાઈ પરમાર ની તા.૧૫–૭–૦૮ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં કરેલ કામો (૧)બોમ્બે માર્કેટ પાસે આવેલ જળ વિતરણ ફરતું કંમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ વિગેરે ૧ થી ૧૦ ના પેપર્સ હાલમાં કયાં છે તેના ફાયનલ બીલની ચુકવણી તથા સીકયુરીટી ડીપોઝીટ છુટી કરવા અંગેની માહિતી બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સ ેઝોન/આ.૫૫૯ તા.૧૩–૮–૦૮ થી કામ નં.૨,૩,૪ ,૫ તથા ૯ ના કામ રેકર્ડ મળી આવેલ ન હોવાથી જયારે વરાછા ઝોન ધ્વારા તેમના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૩૧૦ તથા ૭૨૧ તા.૬–૮–૦૮ અને તા.૨૨–૮–૦૮ થી કામ નં.૧૦ થી કાર્યવાહી હાથ ધરેલ હોવાનું જણાવેલ છે. તેમજ હાઈડ્રોલીકના પત્ર નં.એચઈડી/આ.નં.૧૪૭૨ તા.૨–૮–૦૮થી કામ નં.૧ ૨૬ વર્ષ પૂર્વેનું હોઈ આનુંષાગિક વિગતો મેળવવાની કામગીરી પ્રગતિમાં હોવાનું જણાવેલ છે. અઠવાઝોન તરફથી કામ નં.૬ અને ૭ અંગે કોઈ પ્રતિભાવ મળ્યાનું અરજદારે રજુ કરેલ જણાતું નથી જે અંગે અપીલમાં પ્રસ્તુત તબકકે નિર્દેશ કરેલો જણાતો નથી તેમજ હાઉસીંગ ખાતાના આ.નં.૪૭૫ ,તા.૫–૮–૦૮ થી અરજદાર પાસેથી પૂરક વિગતો રજુ કરવા જણાવતાં કામ નં.૮ અંગે મળેલ જવાબના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતોમાં ઈન્કાર તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૯ ૪ તા.૫–૯–૦૮ ના રોજ (૧)આસી.કમિશ્નર (૨) એડી.સીટી ઈજનેર (૩) ડે.કમિશ્નર (સ્પે) (૪)ઝોનલચીફ (વરાછાઝોન) અને જાહેર માહિતી અધિકારીઓ તરફથી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)કક્ષાએથી નં.ઈ.ઝેડ/૭૨૧ તા.૧૭–૯–૦૮, આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આરટીઆઈ/સે.ઝોન/૬૭૯ તા.૧૧–૯–૦૮, હાઈડ્રોલીક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી એચઈડી/નં.૧૯૭૫ તા.૨૦–૯–૦૮ થી માહિતી પૂરી પાડવામાં આવેલ. જયારે ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન કક્ષાએથી સા.વે.ઝોન અઠવા આરટીઆઈ/આ.નં.૨૩૭ તા.૨૬–૯–૦૮ તથા આરટીઆઈ/આ.નં.૨૪૦ તા.૨૯–૯–૦૮ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડેલ છે.

હકીકત ધ્યાને લઈ તા.૩૦–૯–૦૮ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં અરજદાર હાજર રહેલા અને સીકયુરીટી ડીપોઝીટ અને ફાઈનલ બીલની માહિતી મેળવવા અંગેની રજુઆત કરેલ જેમાં કામ નં.૮ ના લાગત મ.જાહેર માહિતી અધિકારી અને હાઉસીંગ ઈજનેરશ્રીએ હાજર રહી રજુઆત કરેલ. એકા.ની વિગતો પૂરક માહિતી મંગાવેલ છે. જુનું ફાઈલ પ્રકરણ મળી જાય તો નિકાલ લાવી શકાય. દિન–૧૫ માં માહિતી આપવા જણાવેલ. કામ નં.૬ અને ૭ બાબતે મ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી જણાવેલ કે અરજદાર ધ્વારા પુર્તતા કરવામાં નહીં આવેલ હોઈ ફાઈનલ બીલ પેન્ડીંગ છે. સા.વે.ઝોન અઠવા/આ.નં.૭૦૫૯/૬૦ તા.૧૦–૧૦–૦૩ ના પત્રમાં જણાવ્યા અનુસારની રકમ જમાં કર્યે ફાઈનલ બીલ અને ડીપોઝીટ છુટી કરવામાં આવશે. આ અંગે અરજદારને પત્ર નં.૨૩૭ તા. ૨૬–૯–૦૮ થી અરજદારને સૂચિત કરેલ છે. કામ નં.૧૦ બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનએ રજુઆત કરેલ કે સીકયુરીટી બીલ એકા.ખાતામાં હાલમાં પ્રોસીજરમાં છે જેથી અરજદારે ત્યાંથી ચેક મેળવી શકે છે. કામ નં.૧ બાબતે હાઈડ્રોલીક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારીએ ૨૬ વર્ષ જુનું રેકર્ડ શોધવા સ્પેશયલ ઓર્ડર કરવામાં આવેલ છે જે શોધવાનો પ્રયત્ન ચાલુ છે દિન–૧૫ માં જવાબ આપવામાં આવશે. કામ નં.૨ થી ૫ અને ૯ બાબતે ડે.ઈજનેર સેન્ટ્રલ ઝોને રજુઆત કરેલ. કામ નં.૩ નું રેકર્ડ મળેલ છે. અન્ય કામના રેકર્ડ નાશ કરેલ છે કે કેમ તેની અન્ય ડીપાર્ટમેન્ટમાં તપાસ કરી આધાર પુરાવા રજુ કરવામાં આવશે કામ નં.૫ અંગે અઠવાઝોનમાં તબદીલ કરવામાં આવશે તેવું જણાવેલ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન કક્ષાએથી કામ નં.૧૦ બાબતે અરજદારને અદ્યતન માહિતી ઉપરની વિગતે પૂરી પાડેલ છે. તથા ડે.કીમશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી ધ્વારા કામ નં.૬ અને ૭ અંગે તેઓના તા.૨૬–૯–૦૮ ના પત્રથી હકીકતલક્ષી માહિતી પૂરી પાડેલ છે જેથી તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. જયારે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તેમજ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને હાઉસીંગ ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને અનુક્રમે તેઓને સ્પર્શતી કામ નં.૧,કામ નં.૨થી ૫ અને ૯ તેમજ કામ નં.૮ બાબતે સુનાવણીમાં તેઓએ જણાવેલી વિગત અનુસાર દિન–૧૫ માં હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)આસી.કમિશ્નર સેન્ટ્રલ ઝોન(૨) એડી.સીટી ઈજનેર હાઉસીંગ ઈજનેર અને હાઈડ્રોલીક(૩) ડે.કમિશ્નર (સ્પે) અઠવાઝોન (૪)ઝોનલચીફ વરાછાઝોન અને જાહેર માહિતી અધિકારીઓ .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચંદ્રકાંતભાઈ દેવજીભાઈ પરમાર,